**પોપ સીંગરના નિધનને ભારતીય છાપા - ટી.વી.એ અધધ મહત્વ આપ્યું, પણ આ સીંગર પાસેથી શીખવા કરતા ન શીખવા જેવું વધારે**

# માઇકલ જેકશન : મીડિયાનો બ્રેક વગરનો ડાન્સ !

### માઇકલ જેકશન : મીડિયાનો બ્રેક વગરનો ડાન્સ !

તંત્રીશ્રી,

પશ્ચિમી નૃત્યનો એક પ્રકાર છે, બ્રેકડાન્સ. પરંતુ ભારતીય છાપા અને ટી.વી. ન્યૂઝ ચેનલો હાલમાં બ્રેક વગરનો ડાન્સ કરી રહ્યા છે. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય લોકપ્રિયતા ધરાવતા પોપ સીંગર માઇકલ જેકશનનું મૃત્યુ થયું છે, આ ઘટનાને ભારતીય માધ્યમો ગજા બહારનું કવરેજ આપી રહ્યા છે. પ્રેરણાના પ્રકાશ જેવો માણસ ગુજરી ગયો હોય અને પૃથ્વી પર અંધકાર છવાઇ ગયો હોય તેવો માહોલ માધ્યમોએ સર્જી દીધો છે. માઇકલ જેકશનનું જીવન તપાસો તો તેમાંથી શીખવા કરતા ના શીખવા જેવું વધારે છે. આ માણસના શરીર - મગજનું કંઇ ઠેકાણે ન હતું. વિવાદોમાં રહેવાનો શોખીન હતો, તેની પ્રવૃત્તિ પણ સતત વિવાદમાં રહી હતી. આ માણસને આટલું કવરેજ શા માટે ? ભારતીય મીડિયા માત્ર પાટે ચઢી ગયા છે. માઇકલ જેકશન અંગે સંશોધનાત્મક અહેવાલો ક્યાય જોવા મળતા નથી. માત્ર ઈન્ટરનેટીયા ઉતારાઓ વાચકો - દર્શકો પર ઝીંકયે રાખે છે. આડેધડ સમાચારોના પ્રવાહને વહાવીને માધ્યમો વિશ્વાસ ગુમાવી રહ્યા છે. પણ સામાન્ય વાચક શું કરી શકે ? આપણે એટલું કરીએ કે ભગવાન માઇકલના આત્માને શાંતિ અને મીડિયાના ડાન્સને બ્રેક આપે !

- મયંક સોલંકી

### સનમ કે...?

તોબા તારી આંખથી
જોઈને ક્રોધ વ્યાપી જાય છે
લઈલે તારો હાથ
ખભો ભારથી દુ:ખી જાય છે.
જોઈ તારી કાયા ને
ચક્કર મને આવી જાય છે.
છુપા તારા પગ
રે હાથી શરમાઇ જાય છે.
દંતાવલી જોઈને
જો શુર્પણખા ભાગી જાય છે.

- રમણભાઇ કોટક (રાજકોટ)

### પુસ્તકોને મિત્ર બનાવો

તંત્રીશ્રી,

આજના હાઈટેક યુગમાં ટીવી - ઈન્ટરનેટનો વ્યાપ વધતા દરેક લોકોમાં અને ખાસ કરીને વિદ્યાર્થીઓમાં પુસ્તક - સાહિત્યના વાંચનનું પ્રમાણ ચિંતાજનક રીતે ઘટી રહ્યું છે. વ્યકિતના માનસિક વિકાસમાં ઉચ્ચ અને સારા સંસ્કારો આપતું સાહિત્ય ધાર્મિક સંસ્થાઓ, સામાજીક સંસ્થાઓ અને સાહિત્યકારો આજે પ્રસિધ્ધ કરી રહ્યા છે ત્યારે તેના વાંચનમાં રસ જાગૃત થાય તેવી ઝુંબેશ શાળાઓમાં ઉપાડવી જોઈએ. પ્રમુખસ્વામી મહારાજ તેથી જ દરરોજ ધર્મસભાના માધ્યમથી સત સાહિત્યનું વાંચન કરવા ભારમુકી રહ્યા છે, તાજેતરમાં ગીજુભાઈ ભરાડે સમાજને આપેલ સાહિત્યના ખજાનો પણ સૌ કોઈને પ્રેરણા પુરૂં પાડી શકે. ટીવી-ઈન્ટરનેટ ચેટીંગ ઓછું કરી માનસિક ક્ષમતા વધારતા સાહિત્યનું વાંચન કરવું જ રહ્યું.

- દિનેશ ટાંક (રાજકોટ)

### વરસાદમાં થોડું વિજ્ઞાન વરસાવો !

તંત્રીશ્રી,

આ વર્ષે વરસાદ ખેંચાયો છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૧૯ જૂનથી વધારે ક્યારેય વરસાદ ખેંચાયો નથી.

આપણી પીવાના પાણીની વ્યવસ્થા તથા સમગ્ર અર્થતંત્ર વરસાદ પર નિર્ભર છે. રાજકોટમાં એકાંતરા પાણી પૂરતું પાણી આપી શકાતું નથી, ગામડાઓની હાલત તો એથી પણ ખરાબ છે.

આવા સમયે પશ્ચિમના લોકો પ્રયોગશાળા તરફ વળે છે અને આપણે ધાર્મિક - કર્મકાંડો તરફ વળીએ છીએ. ઘણાં સ્થળોએ મોટા ૪ તપેલામાં પાણી ભરી તેમાં બેસી પર્જન્ય યજ્ઞ કર્યો. અખંડ મંત્ર-ધૂન શરૂ થઈ જાય છે. આવા કાર્યોથી વરસાદ આવે તેવું વૈજ્ઞાનિક રીતે સાબિત થયું નથી. ક્યારેક આવ્યો હોય તો ફકત 'કાગનું બેસવું અને ડાળનું ભાંગવું' જ ગણાય.

આપણે એ વિચારવું જોઈએ કે વરસાદ ઓછો કેમ પડે છે ? વરસાદ વધુ પડે તે માટે શું કરવું ? વરસાદના પાણીનો વ્યય ઓછામાં ઓછો થાય તે માટે શું કરવું ? વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ કરવા શું કરવું ?

વરસાદ વધુ આવે તે માટે જંગલો કપાતા અટકાવવા, નવા વૃક્ષો વાવવા, કાગળ (કે જે વૃક્ષમાંથી બને છે.) નો બિનજરૂરી વ્યય અટકાવવો, પ્રદૂષણ ઓછું થાય તેવા પ્રયત્નો કરવા તેમજ કૃત્રિમ વરસાદના પ્રયોગો કરવા જોઈએ.

- ડો. વિજય મહેતા

### સંતાનો - વાલીઓનો સંઘર્ષ : સમજદારી જરૂરી

તંત્રીશ્રી,

હાલના મા-બાપોની એક ફરીયાદ હોય છે કે, બાળકો આજ્ઞા પાળતા નથી કે સ્વચ્છંદી વિચાર-વર્તન કરતા હોય છે. આમ તેમની ફરીયાદ સાચી હોવા છતાંયે પણ એની સામે બાળકો કે સમજણાં સંતાનો, યુવક-યુવતિઓની પણ રાવ હોય છે કે તેમની અપેક્ષા મા-બાપો સંતોષતા નથી કે તેમને સમજી શકતા નથી. એટલે કે આ રીતે જોતા સંતાનોની ફરીયાદો પણ ધ્યાનમાં લેવી ઘટે.

આ માટે બંને બાજુથી એખલાસભર્યા વાતાવરણમાં નિખાલસતાથી અને નિર્ભયપણે રજુઆતો કરવા માટે સાથે બેસીને એકબીજાની હાજરીમાં સુમેળભર્યા વાતાવરણમાં સંકોચ કે ભય વિના સમુહમાં મિટીંગ રાખી વિચારોની આપ-લે થાય અને સર્વસંમતિ સધાય તો કોઈને ફરીયાદ ન રહે અને નિવારણ લાવી શકાય.

પરંતુ આ સહજ કે સરળ રીતે શકય બનતું નથી કારણ કે ઘણાં મા-બાપો કડક શિસ્તના આગ્રહને બહાને પોતાના સંતાનોને ફરજીયાતપણે ધાક ધમકી કે ડર કે બીક બતાવી પોતાનું ધાર્યુ કરાવવા ફરજ પાડે છે, ને તેવા વાતાવરણમાં એમનાં સંતાનો સ્વતંત્ર રીતે કે મુક્તપણાથી પોતાની મુશ્કેલી રજુ કરી શકતા નથી ને અન્યાય કે અત્યાચારનો અનુભવ કરે છે ને બંડખોર બને છે, તેથી વાત વણસે છે ને વિરૂધ્ધ પરિસ્થિતિ સર્જાય છે માટે આમ ન થાય તે માટે બંને પક્ષોએ સમજાવટથી કામ લેવું જોઈએ.

- દેવજીભાઇ ચુડાસમા (રાજકોટ)

### મોકળુ મેદાન...ઉઠાવો કલમ

**પ્રિય વાચક મિત્રો,**

**''મોકળુ મેદાન'' વિભાગ દર ગુરૂવારે પ્રકાશિત થાય છે. જેમાં આપનાં મંતવ્યો, પ્રશ્નો તથા સ્વરચિત કાવ્યકૃતિઓ, હાઇકુ, લઘુકથાઓ અને કાર્ટૂનો પ્રસિદ્ધ કરવામાં આવે છે. આપના અભિપ્રાય, પ્રશ્નો, કૃતિઓ પોસ્ટકાર્ડ પર પણ મોકલી શકાય છે... ઉઠાવો કલમ**

**: સરનામૂ :**
**અકિલા દૈનિક**
**મોટી ટાંકી ચોક, સદર, રાજકોટ**

### ખેતી હોંશથી કરો

તંત્રીશ્રી,

ખેડૂતો જુના દેશી બીયારણનો ઉપયોગ કરે, કુદરતી રીતે ખેતી કરે, પવનચક્કી, ગોબર ગેસ પ્લાન્ટનો મહત્તમ ઉપયોગ કરે, સોલાર સીસ્ટમનો મહત્તમ ઉપયોગ કરે તથા એક નમ્ર સુચન છે. અનુભવીઓ હા પાડે તો કપાસને બદલે કઠોળ વવાયતો ખર્ચ ઓછો થાય, પાણી ઓછું જોઇ, ખાતરનો ખર્ચ ન થાય, કુદરતી ખાતર વપરાય, દવાનો ખર્ચ ન થાય, વધુ પાક લેવાય, ઉંચા દામ પણ મળે, આ સુચન મનોમંથન કરીને અમલમાં ખેડૂતો મુકે તો કૃત્રિમ ખાતરો, જંતુનાશક દવા, પ્રદૂષણ, ખર્ચ વધારે છે. તે સાચુ હોય તો મનોમંથન કરો.

- મહેશ દવે (રાજકોટ)

### વ્યાજબી નફો રાખો

તંત્રીશ્રી,

અગાઉ જ્યારે ક્રુડનો ભાવ ૧૪૦ ડોલર હતો ત્યારે ઓઈલ કંપનીઓએ ટુટી અને ફોરટી ઓઈલનાં ભાવ તે વખતે લેવાતા હતા તે ૪૦ ડોલર ક્રુડનો ભાવ થયો ત્યારે પણ તેટલા જ ભાવ લેવાતા હતા અને આજે ૭૦ ડોલર થયો ત્યારે તેમાં ઘણો બધો વધારો ઝીંકી દેવાયો છે. આ વાત ચાલી હોય તો શરમજનક ગણાય. ઓઇલ કંપની, પવનચક્કી, ગોબર ગેસ, સોલાર સીસ્ટમનો મહત્તમ ઉપયોગ કરી, સાદગીને અપનાવે તો ઓઇલ, પેટ્રોલ, ડીઝલના ભાવ ઘટે... વધે નહિ.

- દેવજીભાઇ




### એને તો જાહેરમાં ફાંસી જ હોય...

તંત્રીશ્રી,

ગુજરાત શાંતિના પાટે વિકાસ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે આ શાંતિના વિકાસના દુશ્મનો ખુલ્લેઆમ મેદાનમાં આવી રહ્યા છે. જેનું ઉદાહરણ સુરતની ગેંગરેપની ઘટના છે.

સુરતમાં બે પોલીસ અધિકારીઓના પુત્ર અને તેનો એક મિત્ર કલાસીસમાં જતી અબળા દીકરીને રોકી તેના મિત્રને ધમકાવી પોતાની ગાડીમાં બેસાડી લઈ જાય... ત્રણેય જણા એક કુમળી કળી પર હેવાનીયત કરી વિડીયોકલીપ કરી તેના મિત્રને આ કુકર્મમાં સામેલ થવા ઓફર કરે અને પછી ધમકાવી તેઓને મૂકી આવે બાદમા આ દિકરી તેના મમ્મી-પપ્પા-કાકાને જાણ કરી પોલીસ ફરીયાદ નોંધાવે. આ ઘટનાના સમાચાર વાંચી એક ભારતીય - એક ગુજરાતી - એક માનવ તરીકે મસ્તક શરમથી ઝુકી જાય... પોલીસ અમલદારો અને તેના કુટુંબીજનો જે બેરોકટોક નાણા એકત્ર કરે, મોંઘી ગાડીઓ વસાવે, મિત્રો સાથે એશ કરે ત્યાં સુધી ઠીક પણ માનવતાના તમામ સીમાડાઓ તમામ લક્ષ્મણ રેખાઓ ઓળંગી આવા પશુથી પણ બદતર કુકર્મ કરે ત્યારે તેને કહેવું શું ? તેઓની ફરીયાદ ક્યાં કરવી ? તેઓ કોનાથી ભય પામશે ? તેઓ ક્યાં ખીલાના જોરે આમ કૂદી રહ્યા છે ? શું તેઓને જાણ છે કાયદો તેઓને કોઈ સજા નહી કરી શકે ?

- બિપીન દવે (હળવદ)

### નારી સુરક્ષા : ડુબી મરજો

તંત્રીશ્રી,

સુરતનો રેપ કેસ અને તેને મળતી આવતા અપરાધો દરરોજ એકાદ કેસ નારી અત્યાચારના પેપરમાં પ્રસ્તુત થાય છે અને લાગે છે કે આઝાદી પછી આપણે અન્ય ક્ષેત્રોની માફક આ નારી અત્યાચાર ક્ષેત્રે પણ ઘણી પ્રગતિ સાધી છે. કદાચ દુનિયામાં ભારત ત્રીજા ક્રમે હશે પરંતુ ભારતમાં આ ગુજરાતનો પહેલો નંબર જ હોય ને ?

સમાજના શ્રેષ્ઠીઓ, દાતાઓ, મહાજનો, સત્તાપતિઓ, રાષ્ટ્રપ્રેમીઓ અને નારી ઉત્કર્ષના બેનર તળે પ્રસ્તુત સંસ્થાઓના મોભીઓ અને વાલી મંડળો - સૌ સાથે બેસીને આત્મમંથન કરો કે આપણે ખરેખર માણસ કહેવાય તેવા ભગવાનના ઉત્કૃષ્ટ પ્રાણી છીએ. આપણે આપણી જાતને પૂછીએ ખરેખર આ થાય છે તે બરાબર છે ?

આપણે આઝાદી પછીના કઈ દિશામાં ચાલવું જોઈએ તેનું ભાન ન હતું તે પશ્ચિમી સંસ્કૃતિ પાછળ અને ભોગવાદ પાછળ આંધળી દોટ મુકી તે બરાબર છે ? આજે દેશમાં દર એક મીનીટે ૧ મહિલા અપહરણ થાય છે. વણ નોંધાયેલ બળાત્કારો પણ દર મીનીટે બે થાય છે. દર એક કલાકે ૧૩ સ્ત્રીઓની હત્યા થાય છે. અને અનેક ખીલતી જીંદગી પાછળ પ્રશ્નાર્થ મુકાય જાય છે. આ લાચારી વચ્ચે અટવાયેલી દિકરીનું ચિત્ર જોતા કોઈ માતા-પિતા બેટી બચાવવા દિલથી સહમત થાય ખરા ?

આંગણે દિકરી જન્મે તો માતા ફફળે છે. ચોતરફ રાવણોની ફોજ વિના રોકટોક ખડી છે. ત્રણ કાવડીયાના ટપોરીઓને પણ કાનૂનની કોઈ ધાક નથી અને થોડા ઘણાં અમલદારોના એન્કાઉન્ટરની ધાક હતી તે પણ પ્રમાણીકતાની ગુલબાંગો ફુંકનારા મુર્ખાઓએ પુરી કરી નાખી. આજે આઝાદીની અડધી સદી પછી પણ નારી સુરક્ષા માટેના પરિણામલક્ષી નક્કર કાનૂન અસ્તિત્વમાં નથી. આવી સ્થિતિમાં દિકરીને જન્મ આપનાર માતા લાચારી સાથે માનવતાનો દ્રોહ કરતી હોય તેવો અપરાધભાવ મહેસુસ કરે તેમાં શો નવાઈ ? દિકરીને પારણામાંથી પરણેતર સુધી પહોંચાડવા માટે માતા-પિતાએ મોંઘવારી સાથે મોંઘીદાટ ભણતરની જોગવાઈ અને અસુરક્ષિતતાથી સતત ઝળુબતી ચિંતા વચ્ચે સંઘર્ષ કરવો પડે છે. ઉંમર લાયક દિકરી થાય ત્યાં લવના ચક્કરમાં ફસાવીને દિકરીની જિંદગી અને પરિવારની ઈજ્જતના ધજાગરા કરનારાને ખૂદ સરકાર પોષણ આપીને સુરક્ષા કાનૂનની ઢાલ બને છે. આવા લવમેરેજના અધુરા કાનુન સમાજની શાંતિ સુરક્ષામાં પલીતો ચાંપે છે. પુરો સમાજ નરી આંખે જુવે છે છતાં કોઈ ચિંતન કરતુ નથી તે આપણા સામાજીક માળખાની નિષ્ફળ બાજુની શરમજનક ઘટના છે. આજે ભારતની સર્વોચ્ચ સત્તા શોભાવતી નારીઓ માતાની મજબૂરીને સમજી ના શકે તે આપણી બદકિસ્મતી છે. સત્તા સ્થાને બેઠેલાઓને કોઈ જોગવાઈ નારી સુરક્ષા માટે ના કરી શકે તેઓએ ખરેખર ડુબી મરવું જોઈએ. આટલી નામોશી ભરેલી પરિસ્થિતિનું સર્જન થઈ રહ્યું છે છતાં કોઈ આ સમાજનો મહારથીના પેટનું પાણી હાલતું નથી. વિકૃતિ પેદા કરતા દરેક પરીબળોને માધ્યમોને રૂકજાવનો આદેશ કરનાર એક પણ માઈનો લાલ પુરા ભારતમાં નથી. રાષ્ટ્રભાવના મરી પરિવારી હોય તેવું લાગે છે એટલે જ... પુરો સમાજ પોતાની બેટી-બહેનોને હેવાનો ઉઠાવી જાય, ગીધડાની માફક ચુંથી નાખે તે સૌ લાચાર બની તમાશો જુએ, કેવી કરૂણતા છે આ બિચારા તકવાદી અને સ્વાર્થી સમાજની, ખરેખર આપણે લોકસભાને લાયક છીએ ?

- વંદના કાવઠિયા (રાજકોટ)

### હાઇકુ

માહ્યલો બોલ્યો -
અંદર બેઠો છું હું
યાદ રાખજે

★

પડે પડઘાં
સાર્થક શબ્દના તો
કૃતિ સર્જાય

★

બુધ્ધિ પ્રબળ
હૃદય કોરૂં, કેમ
મંદિરે જવું ?

- ડો. શાંતિલાલ સિણોજિયા (જામજોધપુર)

**તમે આવું કરતા હો તો યાદ રાખજો... તમારૂં બાળક આડા પાટે ચઢી શકે છે...**

## સંતાનોને બગાડવાના અકસીર ઉપાયો !

તંત્રીશ્રી,

સામાન્ય રીતે માતા-પિતા પોતાના બાળકને સારૂં શિક્ષણ, સારી તાલીમ અને સારી રીતભાત પ્રાપ્ત થાય તે માટે પ્રયત્નો કરતાં હોય છે. કેટલાક મા-બાપ પોતાના બાળકોને બગાડવાની ઉતાવળમાં હોય છે. બાળક ન કરવાં જેવા પરાક્રમો કરે અને માતાપિતા ગૌરવ અનુભવે કે ખુશ થાય તો શું સમજવું ? મેં એક શ્રીમંત (ધનથી, સંસ્કારમાં નહી) યુવતીને એવું કહેતા સાંભળી હતી કે, મારો પ્રિન્સ (ઉંમર વર્ષ નવ) જમવા બેસે ત્યારે એની બાજુમાં કોકાકોલાની ઠંડી બોટલ હોવી જ જોઈએ. ઘરમાં ખલાસ થઈ ગઈ હોય તો મારે તાબડતોબ મંગાવવી પડે, નહીં તો એ ભૂખ્યો બેસી રહે, જમે જ નહીં ! (કેવું ઉમદા શિક્ષણ !) એક શ્રીમંત કુટુંબની છઠ્ઠા ધોરણમાં ભણતી પુત્રી દર મહિને દફતર અને બૂટ બદલે છે, એની મમ્મી કહે છે, પહેલી તારીખે આવે પછી એ જૂનું (એક મહીના પહેલા ખરીદેલું) દફતર લઈને કે જૂના બૂટ પહેરીને સ્કૂલે જવાની જ ના પાડે, અમે સમજાવીએ તો ગુસ્સે થઈ જાય, રિસાઈ જાય... હવે એટલી વાત માટે એને કોણ નારાજ કરે ? (એટલી વાત ? આજે દફતર અને બુટ. મોટી થશે પછી દર મહિને બોયફ્રેન્ડ બદલશે, તમે ના કહેશો તો આત્મહત્યાની ધમકી આપશે... પછી તમે મન સાથે સમાધાન કરશો... એટલી અમથી વાતમાં કંઈ છોકરી થોડી ગુમાવાય ?)

જેને બાળકોને બગાડવાની જ ઈચ્છા છે, બાળકોને સર્વનાશને માર્ગે લઈ જવાની ઉતાવળ છે એમને મદદરૂપ બનવા બાળકોને બગાડવાના ઉત્તમ અને અસરકારક ઉપાયોની એક યાદી તૈયાર કરવામાં આવી છે. ગમાર અને અણઘડ માતા-પિતાઓની સેવામાં એક ઉપાયો અહીં પ્રસ્તુત કરૂં છું.

(૧) બાળક પાસે કામ લેતી વખતે દરેક કાર્યની કિંમત નક્કી કરો. એ ઘરકામમાં મદદ કરે ત્યારે પણ એણે કરેલાં તમામ નાના-મોટાં કામોનું રોકડ રકમમાં વળતર ચૂકવો. તમે આવું કરશો તો સમાજને બજારૂ - વેપારીવૃત્તિ ધરાવતો નાગરિક પ્રાપ્ત થશે જે પોતે કરી આપેલા પ્રત્યેક કામની હજારો અને લાખ્ખોમાં કિંમત વસૂલ કરશે.

(૨) એની સાથે નીતિ અને મૂલ્યોની વાતો કરવા માટે એ પચીસ વર્ષનો થાય ત્યાં સુધી રાહ જુઓ. આમ કરવાથી તમે સમાજને એક લુચ્ચા, બદમાશ, ભ્રષ્ટ, દુરાચારી તથા કામચોર એવા નાગરિકની ભેટ ધરી શકશો.

(૩) સંતાનોને શીખવો કે એમણે કોઈપણ હિસાબે જીતવાનું છે, પ્રથમ ક્રમે રહેવાનું છે, એમને કદી પણ પરાજય ન સ્વીકારવાની તાલીમ આપો. આ પ્રકારની તાલીમ મળવાથી જીવનના સંગ્રામમાં હંમેશાં જીતવા માટે કાવતરાં રચતો, પેંતરાબાજ માણસ તૈયાર થઈ શકશે.

(૪) એ જે માંગે તે એને તરત જ આપી દો, એ જે કંઈ પણ કરવા ઈચ્છે તે બધુ એને બેરોકટોક કરવા દો. એણે તમારી પાસે જિંદગીમાં કદી ના ન સાંભળવી પડે તે રીતે એને ઉછેરો.

(૫) એ જ્યારે અપશબ્દો બોલે, ગાળ બોલે કે એવું બીજું કશું પરાક્રમ આચરે ત્યારે એની હોશિયારી તથા સ્માર્ટનેસ માટે ગૌરવ લઈ, હસીને ખુશ થઈને એને પ્રોત્સાહન આપો. (એક વખત એકત્રીસ વર્ષના યુવાન મિત્રએ પોતાના છ વર્ષના પુત્રને મારી હાજરીમાં સૂચના આપીને કહ્યું કે, 'દાદા કેવા છે ? જરા બો જોઉં ?' અને પુત્રને દાદાની મિમિક્રી કરીને છેલ્લે કહ્યું, 'ડોહો તો મેડ છે, મેડ !') સંતાનોને એમના ગેરવર્તન માટે હંમેશા પ્રોત્સાહન આપતા રહેવું.

(૬) એને કદી પણ એવું ન કહો કે તે ખોટો છે. એના કોઈ પણ કામમાં કદી પણ ભૂલ ન કાઢો. એના તમામ પ્રકારનાં તોફાનોને સ્મિથ સાથે આવકારો. કોઈને ત્યાં કરે, ટેલિવિઝનને તોડી-ફોડી નાંખવાના ઈરાદે એની સાથે છેડછાડ કરે, રેફ્રીજરેટર ખોલી નાંખી અંદરની ચીજવસ્તુઓ બહાર કાઢીને ફેંકવા માંડે, ટેબલ પર મૂકેલા પુસ્તકો ફાડી નાંખે, ટેલિફોનની મજબૂતાઈ કેટલી છે તે જાણવાના ઈરાદે અને ઉંચકીને નીચે પટકે, યજમાનના મોબાઈલને બારીમાંથી બહાર ફેંકી દે... આ બધું જ મંદ હાસ્ય સાથે સ્થિતપ્રજ્ઞભાવે જોતાં રહો. (આપણું શું છે જે તૂટી ગયું, બગડી ગયું ? જે કંઈ છે તે બધું યજમાનનું છે !) તોફાન અને વાવાઝોડું શમી જાય પછી એક જ વાક્ય પ્રેમથી ઉચ્ચારવું. અમારો પિન્ટુ તો બસ એટલો બધો સ્માર્ટ છે કે કંઈ વાત જ ન પૂછો ! (જોઈ લીધું બહેન, પાંચ જ મિનિટમાં જોઈ લીધું !)

(૭) એની હાજરીમાં હંમેશા ઝઘડો કરો, જેથી બાળક ઝઘડાનું મહત્વ સમજી શકે. એકબીજાનું કઈ રીતે અપમાન કરવું, પરસ્પર કઈ રીતે (અને કઈ ભાષામાં) આક્ષેપો કરવા એનું નિદર્શન કરતાં રહો.

(૮) ખિસ્સા ખર્ચ પેટે એ માંગે તેટલા પૈસા એને આપતા રહો. એ જ્યારે પાણી માંગે ત્યારે દૂધ હાજર કરો. એણે કદી કોઈપણ પ્રકારનો સંઘર્ષ ન અનુભવવો પડે તેની પૂરતી કાળજી રાખો.

(૯) ખાવું, પીવું, ભૌતિક સુવિધાઓ મેળવવી એ સંબંધમાં એની જે રીતરસમો હોય તેને રાજીખુશીથી પોષતાં રહો. બારમાં ધોરણમાં ભણતો દીકરો કે ભણતી દીકરી સાંજે મિત્રો સાથે હોટેલમાં જમીને પછી જ ઘરે આવે તો એ માટે ગૌરવ અનુભવો, એમની આ સ્ટાઈલ અંગે પડોશમાં રહેલી સ્ત્રી સાથે ગર્વથી ચર્ચા કરો.

(૧૦) તરૂણાવસ્થામાંથી પસાર થતાં સંતાનો પોતાના બોયફ્રેન્ડ સાથે કે ગર્લફ્રેન્ડ સાથે મોબાઈલ પર કલાકો સુધી વાતો કરતાં હોય કે બેડરૂમમાં દરવાજો અંદરથી બંધ કરીને અઘરા 'વિષયો'ની ચર્ચા કરતા હોય તો કદી એમના માર્ગમાં અવરોધરૂપ બનશો નહીં કે એમની 'પ્રાઈવસી' માટે ખતરો ઉભો કરશો નહીં. એ જ રીતે રોજ મોડી રાતે ઘેર પાછા ફરતાં સંતાનોને પણ કદી એવું કરવા માટે પડકારશો નહીં. (અમારા ચિન્ટુની તો અગિયાર ગર્લફ્રેન્ડઝ છે, શું કરીએ ? રોજ એકાદ બે ઘરે ટપકી પડે તો ચા-નાસ્તો કરાવવો જ પડે ને ? જેનો પતિ રાતોરાત કરોડપતિ બની ગયો હોય એવી એક સ્માર્ટ ગૃહિણીએ એના દીકરાએ કોઈ મોટી ધાડ મારી હોય તેવી અદાથી એક સામાજીક સમારંભમાં સહર્ષ આ જાહેરાત કરી હતી !)

(૧૧) શિક્ષકો, પડોશીઓ કે અન્ય કોઈની પણ સાથે બાળકને ઝઘડો થાય કે કોઈ તમારા બાળકનો વાંક ન કાઢો કે એને ઠપકો ન આપો.

(૧૨) મિત્રો અને સાથીદારોમાં લોકપ્રિયતા મેળવવા સંતાનો એમની સૂચના અનુસાર જેમ કરે અને જેમ વર્તે તેમ કરવા દો અને વર્તાવા દો. બધા મિત્રો શરાબ (અને સુંદરી)ની મહેફીલ માણવા ઈચ્છતા હોય તો આપનો દીકરો એકલો એમનાથી જુદો શી રીતે પડી શકે ?

(૧૩) એ જે જુએ, વાંચે કે સાંભળે તે બધું જ એને જોવા દો, વાંચવા દો કે સાંભળવા દો. એ પોતાના મનમાં (ગંદા વિચારો) અને શરીરમાં (ફાસ્ટ ફૂડ - પિઝા) કચરો ભેગો કરવા ઈચ્છે તો આપ ભલા, એમને શા માટે રોકશો?

(૧૪) એણે ઘરમાં રમતા-રમતા આમતેમ નાંખી દીધેલા રમકડાં, બૂટ, વાસણો વગેરે આખો દિવસ ગોઠવતાં રહો. એણે કંઈ જ વ્યવસ્થિત રાખવાનું નથી અને એ માટેની જવાબદારી બીજાને માથે ઠોકી બેસાડવાનું સહેલું છે એવું એને શીખવા દો.

(૧૫) એને વર્તન અને વ્યવહાર માટેની સંપૂર્ણ સ્વતંત્રતા બક્ષો. શિસ્ત અને સંયમથી જિંદગીની ખુશીઓ અને મજા ઝૂંટવાઈ જાય છે એવું એને સમજવા દો.

(૧૬) ટીવી.નું રિમોટ કંટ્રોલ હંમેશા બાળકોના હાથમાં સોંપવાનું યાદ રાખો. ટી.વી. પર એને મનપસંદ ચેનલ અમર્યાદ સમય માટે જોવાની છૂટ આપો.

(૧૭) આપનું કામ દુનિયાને સુધારવાનું છે. યુવાન સંતાનોને ઘરમાં મહત્તમ સમય માટે એકલા રહેવાની સ્થિતિમાં મુકવા દો. વર્તનની સ્વતંત્રતા (સ્વચ્છંદતા) કોને કહેવાય તેનો અનુભવ એમને લેવા દો.

(૧૮) તમે એમના નહીં, તેઓ તમારા માતા-પિતા હોય એવી રીતે એમની સાથે વર્તન વ્યવહાર કરો ! એમનાથી દબાતા ગભરાતા રહો. જે સમજદાર, એડવાન્સ્ડ જીવનશૈલીને વરેલાં માતા-પિતા પોતાના સંતાનોને બગાડવા ઈચ્છે છે એ સૌને ઉપરોકત ટિપ્સ જરૂર ઉપયોગી પુરવાર થશે એવી શ્રધ્ધા છે, શુભ કામ માટે હાર્દીક શુભેચ્છાઓ. (૨૧.૫)

**- ડો. શશિકાંત શાહ**
**(બાળ વિકાસની એબીસીડી પુસ્તકમાંથી)**

### પ્રેમનો હીસાબ

હસ્તી તો ચાર દિનની છે અરમાન ખૂબ છે,
પત્તાનો છે મહેલ વળી મહેમાન ખૂબ છે.
સરકારી ભૂંગળા કહે છે શાંત છે બધું,
સંભળાય છે કે ગામમાં તોફાન ખૂબ છે.
સારૂં થયું કે યાદ ન આવ્યું કદી ડહાપણ,
દીવાનગીના દિલ ઉપર અહેસાન ખૂબ છે.
નામ આપનું લીધું અને ઉતરી ગયા ચહેરા
લાગે છે અહીં આપની પહેચાન ખૂબ છે.
જાહિદનો અનુભવ કે કણેકણમાં છે ખુદા,
નાસેહનો ઉપદેશ કે સેતાન ખૂબ છે.
લીધો છે રાહ સત્યનો પણ હાયરે જગત !
આ રાહમાં અમને મળ્યા અપમાન ખૂબ છે.
આનંદની સીમા નથી નિર્વ્યા જ પ્રેમમાં,
કરવા જશો હિસાબ તો નુકસાન ખૂબ છે.

- પ્રતાપ રેવર (રાજકોટ)

### સફર

સફર કરવાની એક તરવરાટ લાગી,
કસ્તી મંઝીલ પર પહોંચતી લાગી.
મધ્યાંતરે જરા તે ડગમગતી લાગી,
વહાણ ડગતા હિંમત જરા જતી લાગી.
કિનારા પર નદી શાંત લાગી,
ડુબકી લગાવતા વમણોની બીક લાગી.
પંખીની આંખે દુનિયા સારી લાગી,
તેમાં માળો બનાવતા જરા ફાંસ લાગી.
આસમાને જોતા ચંદ્રની જાહોજલાલી લાગી,
ઉપર જતા ખુદાની એક રમત લાગી.
કસોટી દેવી એ એક મજાક લાગી,
ખુદાતારી કસોટીની પ્રથા આકરી લાગી.

- રાધિકા કોટેચા (પોરબંદર)

### નીકળશે

દિશા શૂન્યતામાં પણ કોઈક રસ્તો નીકળશે,
શયતાનોમાંય એકાદ ફિરસ્તો નીકળશે.
કાલિમા ધનરાત્રિની ભયાનકતા પાથરે,
તમસની પરાકાષ્ઠાએ પ્રકાશ હસતો નીકળશે.
ખૂંખાર ખેલે સદૈવ હિંસા હોળી અવિરત,
આતંકીમાંય એકાદ માનવતાનો શિરસ્તો નીકળશે.
ભરી ભંડાર બેઠો નીર સરિતા તણાં,
તોયે અબ્ધિ જળરાશિકાજે તરસતો નીકળશે.
નથી જરૂરત જ્યાં જળના બુંદ તણી માત્ર,
વિના મલ્હારે મેઘ ત્યાં વરસતો નીકળશે.
શક્ય છે કે કેસરી ટોળામાં નીકળી પડે,
એમાંય એકાદ કપોત જેવો અમસ્તો નીકળશે.

- ચૈતન્ય જોષી (જામખંભાળીયા)

### સ્મિત ને...

તારૂં સ્મિત યાદ આવે ને હું ભીડમાં એકલો
તું સ્મિત વેરે ને હું જીલુ
હોય બપોર ની સુમશામ સકડ
કે હોય મોટી ભીડ, તારૂં સ્મીત યાદ
આવે ને હું એકલો...
તારૂં સ્મીત મારૂં ગીત, તારૂં સ્મીત મારી પ્રિત,
તારૂં સ્મીત મારી જીત, તું સ્મીત વેરે ને હું જીલું...
અને જો તું ખડખડ હસી પડે, દાંત દેખાડી
હોઠ મલકાવે ને મન જુમી ઉઠે મારૂં,
એવું તું રોજ સ્મીત વેરે ને હું રોજ સતાપું જીવું,
તું સ્મીત વેરે ને હું જીલુ ને જીવું.

- મનીષ ભટ્ટ (રાજકોટ)

### પડઘા

ના, મેં સાદ તો પાડયો હતો,
ને, આ પડઘા કાં મૌન થઈ ગયા.
આ આકાશમાં ગોરંભાયા છે પડઘા,
હમણાં વાદળાની જેમ તૂટી પડશે મૌન.
પડઘાઓની ભીંસમાં ભીંસાઈ ગયા,
ઠાંસો ઠાંસ ભરી મોકલ્યા, શાને પડઘા ?
ઘુમ્મટ નીચે ઉભા રહી સાદ તો કરી જો,
પડઘાઈ જાશે વારંવાર વિચારો તારા.
અહીં બે જણ એવા હોય છે,
રહે છે મૌન ને તોય પડઘાય છે.
સાદ પાડુ ને ખીણમાં પડઘા પડે છે,
પડઘાયા પછીની, શાંતિને માણી લે.
આ પડઘાની, અસર તો જોઈ લે,
પડઘાય ઓરડો, ને 'નીલ' થરથર કાંપે.

- ડો. એન.એમ.મહેતા (રાજકોટ)

### લગન

કોના ઘરે જઈશું ? એક તારીખનાં ત્રણ લગ્ન.
મારે ઘરે આવો એમ કહેતી સૌ કંકોતરી.
વાડી ફુલ, પાર્ટી પ્લોટ હાઉસફુલ !
આમાં મોંઘવારી ક્યાં દેખાય છે ?
કપડા-લતાં ને ઝરઝવેરાતનો ભપકો છતાં
સોનું પડાવે છે સૌને હવે રાડ બે-ત્રણ દિકરીનો બાપ શું કરે ?
વરરાજો હવે એક દિવસો નહીં ફકત ત્રણ કલાકનો થયો
લાખોપતિ રે સાજન બેઠું માંડવે - લગ્ન ગીતો ક્યાં ?
આજે તો સનેડો સનેડો-નો ડિસ્કોને કેશિયો પાર્ટીની ધૂમ છે !
બ્યુટીપાર્લરનો થથેડા વિના કન્યા માંડવે ક્યાં પગ દયે છે ?
કન્યાવિદાય હવે ક્યાં કરૂણ છે.. હવે તો લગ્ન પછી રોવાય છે !
આકાશમાં તારા તોડી લાવવાની વાત કરતો સિતારો જ્યારે,
વાસ્તિવીકતાની ધરતી પર ખરે છે ત્યારે શું નું શું થાય છે !
ગાય જેવી કન્યા હોય તો સારી નહિતર હવે તો એય ઢીક મારે છે!
બાકી લગ્નની લગન ન હોય તો નકામું, છેલ્લી બાકી ભાગેડુ !

- રાજેશ જોષી (વાંકાનેર)

### આવે છે

વાટી ઘૂંટીને પીસી છે જીંદગી,
જોઈએ કેવો રંગ આવે છે.
સંબંધો કેરા કેશુડા ઘોળ્યાં,
જોઈએ કેવો ઉમંગ આવે છે.
દિલના દરવાજે સંસ્કાર મઢ્યા,
જોઈએ કેવો ઢંગ આવે છે.
નયનોના તેજને શમણા બેઠા,
જોઈએ કેવો પ્રસંગ આવે છે.
આવે છે શ્વાસ-વિશ્વાસ કેરી યાત્રા,
જોઈએ કેવો સંગ આવે છે.

- જસ્મીનભાઇ જે. દેસાઇ (રાજકોટ)

### ગઝલ

પ્રથમ મંદિરનાં રસ્તાઓ પથરાળા કરૂં,
પછી તો જાતરા એની જ પગપાળા કરૂં.
આપ મારા હાથમાં હથોડીને ટાંકણું,
તો પથ્થરોનાં રૂપ પાંખાળા કરૂં.
એક ક્ષણ માટે મને તું સત્ય આપી દે,
તો યુગો સુધી હું એના સરવાળા કરૂં.
એક દી માટે મને પંખી બનાવી દે,
હું તોપ કેરા નાળચે માળા કરૂં.
ભીતરમાં કોડિયામાં થોડું તેલ રેડી દે,
તો ઓરડે અંતરનાં અજવાળા કરૂં.

- વૃજલાલ રૂપાણી (પોરબંદર)

**મેઘરાજાનું તંત્ર પણ ગુજરાત સરકાર જેવું થૈ ગયું : વરસે ત્યાં વરસી પડે અને બાકીનું કોરું ધાકોડ રહે!**